R.N.I. No. : GUJGUJ/2000/447- GAMC NO. : 989 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી
દર શનિવારે
પ્રસિદ્ધ થતુ
સાપ્તાહિક


તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા
વેબ સાઈટ : http:// jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬
(મો)૯૮૨૫૧૬૯૩૮૬

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના)
(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

YEAR-21 • ISSUE: 32. DATE: 11-08-2012• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## ઓલેમ્પીકના ખેલાડીઓને મફત બાયબલ આપવામાં આવશે



બાયબલ સોસાયટી ઓલેમ્પીકના ખેલાડીઓને મફત બાયબલની વહેચણી કરવા માટે પુર જોશમાં તૈયારી કરી દીધી છે.ઓલેમ્પીક વિલેજ રીલીજીયસ સર્વીસ સેન્ટરને અંગ્રેજી ભાષાના ૩૦૦૦ બાયબલોની કોપી આપવામાં આવી છે.બીજી એક હજાર બાયબલની કોપી અને નવા કરારની બીજી ભાષાઓમાં કોપીઓ પણ આપવામાં આવનાર છે.જે નેશનલ બાયબલ સોસા.ની ભાગીદારીમાં કરવામાં આવનાર છે.ડેવીડ વીલસન,ચીફ એક્ઝીક્યુટીવ ઓફ મોર ધેન ગોડ એ કહ્યું હતું કે મે ભુતકાળની ઓલેમ્પીક અને અન્ય રમતોત્સવ દરમિયાન ખેલાડીઓને અપાયેલ મફત બાયબલની ભેટથી તેઓ ખુશ થયા હતા.બાયબલ સોસા.આ ભેટ આપવામાં ખુબજ સહકાર અને પ્રેરણા આપી છે.

બે પ્રકારના અંગ્રેજી બાયબલ વહેચવામાં આવનાર છે જેમાં ધ સ્પોર્ટસ ગુડ ન્યુઝ બાયબલ અને ધ સ્પોર્ટસ ગુડ ન્યુઝ ન્યુઝ ગોસ્પલ ઓફ લુક છે.બાયબલ સોસા.ના ગ્રુપ ચીફ એક્ઝીક્યુટીવ જેમ્સ કેટફોર્ડે જણાવ્યું હતું કે જે કંઈ અમો મેળવીશું તે બહારથી નથી મેળવવાના પરંતુ તે અંદરથી મેળવીશું. જે અમે લુકની વાર્તામાંથી ઈસુનું જીવન,મૃત્યુ અને તેના પુનરુત્થાન દ્વારા જાણવા મળે છે.બાયબલ સોસા.એ ખાસ અપીલ બહાર પાડી છે કે તેઓ તેમની માગણીઓનો જવાબ આપે.

## દલિત ખ્રિસ્તીઓ દ્વારા રામલીલા મેદાન ખાતે ધરણા અને સંસદ સામે દેખાવોના કાર્યક્રમો યોજાશે

અનામતના અધીકારો માટે લડી રહેલા દલિત ખ્રિસ્તીઓ દ્વારા સંસદના ચોમાસુ સત્ર દરમિયાન દેખાવોના કાર્યક્રમ અને રામલીલી મેદાન ખાતે ધરણાનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.નેશનલ કાઉન્સીલ ઓફ દલિત ક્રિશ્ચિયન,કેથોલીક બિશપ્સ કોન્ફરન્સ, અને નેશનલ કાઉન્સીલ ઓફ ચર્ચીસ આ કાર્યક્રમમાં ભાગ લેશે.નેશનલ કોઓર્ડીનેટર ફેકલીન સીઝરે જણાવ્યું હતું કે ગત વર્ષની માફક આ વર્ષે યોજનાર કાર્યક્રમમાં બહુ લોકો ભાગ લેશે.તેમણે કહ્યું હતું કે ચર્ચ ઓરગેનાઈઝેશન,અને કેટલાક રાજકીય પક્ષોની પાંખો ધરણા અને દેખાવોના કાર્યક્રમમાં ભાગ લેશે.તેમજ સરકારને અનામત માટેની તેમની નીતિ સ્પષ્ટ કરવા માટે મજબુર કરશે.યુપીએ સરકારે તેમના મેનીફેસ્ટોમાં પણ દલિત ખ્રિસ્તીઓને થયેલો અન્યાય નિવારવા માટે પોતાની મત સ્પષ્ટ રીતે પ્રદર્શિત કર્યો હતો.પરંતુ ચુંટણીમાં જીત્યા બાદ યુપીએ સરકાર તેનું વચન ભુલી ગઈ છે. તે તેમને યાદ દેવડાવવા માટે અમો પ્રયત્ન્ કરી રહ્યા છીએ.ઓગષ્ટ માસની ૭ તારીખ લગભગ સંસદનુ સત્ર ચાલુ થનાર છે.




## પ્રીઝન ફેલોશીપ દ્વારા અનેક જેલોમાં કેદીઓ મધ્યે સુવાર્તાના સંદેશ પહોચાડાય છે



પ્રીઝન ફેલોશીપ,ગોસ્પલ મેસેજીસનુ કાર્ય કરે છે.તેમણે હાલમાં નોર્થન કેલીફોર્નીયાની કેદીઓ માટે ખાસ પ્રોગ્રામો આયોજીત કર્યા હતા.રીક એટચેલી,જેઓ પ્રીઝન ફેલોશીપના ફિલ્ડ ડીરેકટર,નોર્થન કેલીફોનીયા છે તેમના જણાવ્યા પ્રમાણે ૫૦૦૦ કેદીઓને સુવાર્તાનો સંદેશો આપવામાં આવ્યો હતો.જે પૈકીના ૫૦૦ કેદીઓના ઉત્તરો હકારાત્મક રહ્યા હતા.પ્રીઝન ફેલોશીપ,લુઈસ પાર્લો એસોસીયેશન સાથે મળીને આ કાર્ય કરે છે.તેમણે અનેક જેલોમાં જઈને સુવાર્તાનો સંદેશો આપ્યો છે.માત્ર તેઓ કેદીઓને જ સંદેશો આપતા નથી પરંતુ જેલોમાં કાર્ય કરતા અધિકારીઓને પણ આ સંદેશો આપે છે.અને તેઓ પણ આ બાબતે તેમની ખુશી વ્યક્ત કરી છે.

જેલોમાં ખ્રિસ્તીઓની હાજરી પરફેકટ એમ્બેસેડરનુ કાર્ય કરે છે.તેને કારણે પ્રીઝન ફેલોશીપનુ કાર્ય સરળ બને છે.વિચારોની સમજ અને આદાન પ્રદાનમાં અને સમજાવટમાં ફાયદો થાય છે.પ્રીઝન ફેલોશીપનું અનેક દેશોમાં નેટવર્ક છે અને તેમના દ્વારા અનેક જેલોના કેદીઓના જીવનમાં પરિવર્તનનું કાર્ય થયું છે.

સમાચાર સંપાદન
શ્રી સંજય પોલ ચૌહાણ

## નેશનલ હ્યુમન રાઇટ્સ કમિશને પ્રીવેન્સન ઓફ ટોર્ચર બીલ પાસ કરવાની માંગણી કરી

નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશને પ્રીવેન્શન ઓફ ટોર્ચર બીલને તાત્કાલિક પસાર કરવાની માંગણી સરકાર પાસે કરી હતી.જેથી ટોર્ચરને ગેરકાયદેસર ગણી શકાય.એનએચઆરસીના ચેરપર્સન કેજી બાલાક્રિશ્નને દિલ્હી ખાતે એક કોન્ફરન્સમાં પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે સંસદે આ બીલને તાત્કાલિક પસાર કરવાની જરુર છે.જેથી માહિતી મેળવવાના નામે થતી સતાવણી ગેરકાયદેસર ઠરે અને તેનો દુરપયોગ કરનારાને કાયદા દ્વારા સજા થઈ શકે.ટોર્ચર એ ભારતનો ગંભીર પ્રશ્ન છે.સામાન્ય રીતે હ્યુમન રાઈટ્સનો ભંગ કે હિંસા ટોર્ચરના હથિયાર દ્વારા કરવામાં આવે છે.એ માત્ર શારિરીક પીડા જ નથી.પરંતુ તે માનસિક પીડા આપે છે.વ્યક્તિગત માનસિક પીડા અસહ્ય હોય છે.અને તે વ્યક્તિગત રીતે તેની જીંદગીને પીડા આપે છે.તેમણે આ પ્રેસ ટ્રસ્ટ ઓફ ઈન્ડીયાને જણાવ્યું હતું.



આ બિલની વ્યાખ્યામાં ટોર્ચરને કોઈપણ વ્યક્તિને વ્યથાકારક અથવા તો જીંદગીને ખતરારુપ,આરોગ્યને નુકશાનકર્તા,(તે માનસિક હોય કે શારીરીક)ને લોઅર હાઉસ દ્વારા ,ભારતીય સંસદે ૨૦૧૦માં પસાર કરી હતી.૨૦૦૧ થી ૨૦૧૦ સુધીમાં એનએચઆરસીને ૧૪,૨૩૧ કેસો પોલીસ કસ્ટડી કે જેલમાં મૃત્યુ પામવાને લીધે થયા તે અંગેના મળ્યા હતા.(૧૫૦૪ અને ૧૨,૭૨૭)જેમાં ટોર્ચર મુખ્યત્વે પ્રભાવી હોવાનું જણાય છે.માહીતી મુજબ દેશવ્યાપી ૧૮ જેટલા કેસોમાં પોલીસ ઓફીસરો આ ધાતકી ત્રાસ માટે જવાબદાર હતા.તેમણે અમાનવીય અને ઘૃણાસ્પદ વ્યવહાર કર્યો હતો.વર્કીંગ ગ્રુપ ઓન હ્યુમન રાઈટ્સ ઈન ઈન્ડીયા અને યુએન દ્વારા અપાયેલા રીપોર્ટ મુજબ ભારતમાં ટોર્ચર સર્વવ્યાપી છે.જેમાં શારીરીક,માનસિક ત્રાસ આપવામાં આવે છે.કાશ્મીર અને નોર્થ ઈસ્ટમાં જુદી જૂદી પ્રકારના ટોર્ચરનો ઉપયોગ કરવામાં આવે છે.જેમાં બે પગ વચ્ચે સળીયા ભરાવી ત્રાસ આપવામાં આવે છે. સળગતી સગડી પર બેસાડાય છે.ઈલેક્ટ્રીક શોક જનેન્દ્રીય પર આપવામાં આવે છે.કાશ્મીરમા કરાતા ટોર્ચર બાબતે આઈસીઆરસી કમિશને પુષ્ઠી કરી હતી.

દેશના તમામ પોલીસ સ્ટેશનોની એક પ્રેકટીસ રહી છે કે તેઓ એમ માને છે કે તેઓ ગુનાની કબુલાત માટે કોઈપણ પ્રકારના ધાતકી ટોર્ચરનો ઉપયોગ કરી શકે છે.મોટાભાગના પોલીસ ઓફીસરો માને છે કે ગુનાની તપાસ અને કબુલાત માટે ટોર્ચર એ કાયદેસરની માન્યતા ધરાવે છે.

## ચીનમાં જબરજસ્તીથી કરાવાતા ગર્ભપાત સામે ઇવેન્જલીકલ્સનો વિરોધ

ધ વર્લ્ડ ઈવેન્જલીકલ એલાયન્સે સાત મહીનાના ગર્ભનેજબરજસ્તીથી પાડી નાંખવા સામે વિરોધ નોધાવ્યો હતો.ચીનમાં સત્તાવાળાઓએ શ્રીમતી ફેગનો સાત મહીનાનો ગર્ભ પાડી નાંખવા માટેનો આદેશ કર્યો હતો કારણકે તેમને છ વર્ષની એક બાળકી હયાત છે.ચીનમાં એક બાળક હોવાનો કાયદો છે.પરંતુ જો દંપતી ખેડુત હોય તો તેમને મનાઈ નથી.તેઓ પોલીસી મુજબ બીજુ બાળક ધરાવી શકે છે.તેને માટે તેમણે સ્થાનિક ફેમીલી પ્લાનીંગ બ્યુરોની રજામંદી લેવી પડે છે.જે એનકેંગ,શાનક્ષી પ્રોવીન્સમાં આવેલી છે.જો તમારે બીજુ બાળક જોઈએ તો તે માટે ૪૦૦૦૦ યેનનું ફંડ ઉભુ કરવું પડે નહીતર તમે બાળકને જન્મ આપી શકો નહી.વર્લ્ડ ઈવેન્જલીકલે ચીન સરકારને વિનંતી કરી હતી કે ભવિષ્યમાં આવી ઘટના ના ઘટે માટે યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.
http:// jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

## નવ ક્રાંતિ

અણ્ણા હજારે અને તેમની મંડળી દ્વારા ભ્રષ્ટાચારના ફુગ્ગામાં છેલ્લા દોઢેક વર્ષથી એવી હવા ભરાઈ હતી કે આખા દેશમાં એક તેજીનો પવન ફુંકાયો હતો.લોકોને અણ્ણામાં એક એવા નેતાની ઉમ્મીદ ઊભી થઈ હતી કે દેશમાં ક્રાતિ થશે.રાજકારણના પાપ ધોવાશે.સામાન્ય નાગરિકને સુવિધા ઉપલબ્ધ બનશે.પરંતુ અણ્ણાની મંડળીએ જે રીતે ઉપવાસ આંદોલનનું ફીડલું વાળી દીધું કે ફુગ્ગામાંથી જેમ હવા નીકળી જાય તેમ આખુ આંદોલનનું થયું.રાજકારણમાં આવવા માટેની એક પબ્લીસીટી ઉભી કરવા માટે કરવામાં આવેલું એક આયોજન લોકોને દેખાયું.રાજકારણના આટાપાટા એટલા સરળ નથી.પરંતુ અણ્ણાની મંડળીના કેટલાક લોકોને, લોકોને ભરમાવીને સત્તાની જાદુઈ લાકડી હાંસલ કરવી છે તેવી મુરાદ સ્પષ્ટ દેખાઈ આવી.રાજકારણમાં આવવા માટે રાજકીય પક્ષો ભંડોળ ઉભુ કરવા માટે જે રીત રસમો અપનાવે છે તેવી રીત રસમો અખત્યાર કરવી પડે નહીતર આખા દેશમાં ચુંટણીમાં ઉમેદવારો ઉભા રાખી શકાય નહી.રાજકીય પક્ષોને એવા લોકોજ નાણાં આપે છે જેમને મોટા પાયે ભ્રષ્ટાચાર આદર્યો હોય,અથવા તો કરવાની પેરવી હોય.

હવે તેમના આદર્શો વાળી જાહેરાતો બિલકુલ હવામાં બાચકા ભરવા જેવી લાગે છે.લોકો હવે તેમની ભ્રામક જાહેરાતો કે પોકળ વચનોમાં વિશ્વાસ કરશે નહી, તે સમય જ બતાવશે.

## મંતવ્ય

### જાહેર વિનંતી

ગાયક શ્રી સુલેમાનભાઈ ડી.ક્રિશ્ચિયન,૧૩,જૈતુન સોસા.મિશન રોડ,નડીયાદ-૨(મો.૯૬૦૧૩૨૩૯૬૨)રીટાયર્ડ,મુખ્ય શિક્ષકે તેમને મળેલ ગાયક-ગીતકારના તાલંત કૃપાદાનનો સરકારી નોકરી દરમિયાન પ્રભુના મહીમાર્થે ભરપુરીપણે ઉપયોગ કર્યા ઉપરાંત વયનિવૃત્તિ બાદ પણ નડીયાદના શ્રી રોમેસ મસીહી(મો.૯૬૮૭૮૧૩૪૪)ના પ્રમખપણા હેઠળ તેમજ પોતે સેક્રેટરી બનીને તેઓ બંને સહિત ૧૩ રીટાયર્ટ તથા નોકરીમાં ચાલુ હોય તેવા ઉત્સાહી લોકોની એક જય ઈમાનુએલ આરાધના મંડળી,તા.૧૬-૬-૨૦૧૧થી રચી તે મારફતે(સુલેમાનભાઈ તેમના સાથીદારો સાથે)નિવૃત્ત જીવનમાં પણ ફકત સુંદર ધાર્મિક ગીતો ગાઈને નિસ્વાર્થે પ્રભુનો મહીમા કરી રહ્યા છે.જે બદલ તેઓ ધન્યવાદને પાત્ર છે.

જયઈમાનુએલ આરાધના મંડળીના અન્ય સભ્યોમાં શ્રી પાઉલભાઈ અંબાલાલ પરમાર, ઉઢેલા,(૨)શ્રી છોટુભાઈ ગોવિંદભાઈ ખ્રિસ્તી, મહુધા (૩)શ્રીસેમ્યુલભાઈ ઈશ્વરભાઈ ખ્રિસ્તી,નવચેતન(૪)શ્રી ક્રિસ્ટોફર વિલ્યમભાઈ ચૌહાણ,ડુમરાલ(૫)શ્રી અશ્વિન સુલેમાનભાઈ ખ્રિસ્તી, સોખડા(૬)શ્રીવિજયભાઈ મુસાભાઈ ખ્રિસ્તી,અલિન્દ્રા(૭)શ્રી નિલેષ મીઠાલાલ મેકવાન,મહુધા(૮)શ્રી સુરેશભાઈ શંકરભાઈ સોલંકી,ખાંધલી(૯)શ્રીરાજુભાઈ સોમાભાઈ ખ્રિસ્તી,ઢંઢોળી(૧૦)શ્રી ધીરજભાઈ ડાહ્યાભાઈ પરમાર, ભાનેર(૧૧)શ્રી રાજેશભાઈ મગનભાઈ રાઠોડ,ખંભોળજ સામેલ છે.

ત્યારે જરુર પડ્યેથી પ્રભુના મહિમાર્થે આ મંડળીને બોલાવવા-આમંત્રિત કરવા નડીયાદ અને તેની આજુબાજુના ખ્રિસ્તી ભાઈબહેનોને મારી વિનંતી અને પ્રાર્થના છે.

જયાનંદ એ ગોહીલ, નડીયાદ.૨


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


## વોચડોગ ગ્રુપ ઓપન ડોર,યુએસ દ્વારા પ્રાર્થનાનું આયોજન

ઈસ્લામીક કેલન્ડર મુજબ શરુ થતા રામાધન,ઉપવાસના મહિના દરમિયાન વોચડોગ ગ્રુપ ઓપન ડોર, યુએસ દ્વારા પ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યું છે.પ્રાર્થનાઓમાં સહુ પ્રથમ પ્રાર્થનામાં ઈસ્લામિક દેશોમાં વસ્તા ખ્રિસ્તી ભાઈઓ અને બહેનો માટે ખાસ પ્રાર્થના કરવાનું આયોજન છે.તેમને ઈશ્વર અન્યધર્મી સમુદાય સાથે રહેવા માટે શક્તિ આપે,મદદરુપ થાય,અને તેમનું તેઓની સાથે રહેવું સલામત બને તે માટે પ્રાર્થનાનું આયોજન છે.ઓપનડોર યુએસએ ના પ્રેસીડેન્ટ,સીઈઓ ડો.કાર્લ મુઈલરે આ જણાવ્યું હતું.આ ઉપરાંત મુસ્લીમ ભાઈઓ માટે પણ પ્રાર્થના કરવામાં આવશે જેમણે કદી શાંતિનો અનુભવ કર્યો નથી અને ઈશ્વરનો પ્રેમ અનુભવ્યો નથી તેમજ ઈસુ ખ્રિસ્તને તારણહાર તરીકે સ્વીકાર્યો નથી તેમના માટે પ્રાર્થના કરવામાં આવશે.

ઓપનડોર દ્વારા ૩૦ દિવસ આ પ્રાર્થનાનું આયોજન ચાલશે.આ વર્ષના રામાધન ૨૦ જુલાઈથી શરુ કરીને ૧૮ ઓગષ્ટ સુધી ચાલશે.ઉપવાસ ઈસ્માસ ધર્મનો એક મહત્વનો સ્તંભ છે.આ સમય દરમિયાન મુસ્લીમો ખાવા,પીવા,જાતિય ઈચ્છાઓ, અને અનેતિક બાબતોને ત્યજવાની હોય છે.સુરજ ઉગ્યા પહેલાથી સુરજ આથમ્યા સુધી તેમણે આત્મિક



બાબતો પર પોતાનો લગાવ કેળવવાનો હોય છે.

ખ્રિસ્તીઓ માટે રામાધનનો સમય એ મુશ્કેલીઓનો સમય છે.એવું ઓપન ડોરે જણાવ્યું હતું.કારણકે ઈસ્લામીક પરંપરાઓ અને રીતરીવાજ મુજબ એ સમયમાં રહેવુ અને વર્તવું પડે,એવી ધારણાઓ તે સમયમાં ધર્મ પાળનારાઓ અન્યો પાસે રાખે છે.આ સમય દરમિયાન ખ્રિસ્તીઓની સતાવણી થઈ શકે છે.કારણકે તેઓ ઉપવાસ કરતા નથી.તેથી તેઓ સરકાર,ત્યાંનો સમાજ કે કુટુંબીજનોનું નિશાન બની શકે છે.મુસ્લીમો તેમની ઈસ્લામીક માન્યતાઓ અને આસ્થા બાબતે ખુબજ લાગણીશીલ લોકો છે.તેથી આ સમયમાં ખ્રિસ્તીઓએ ખાસ તકેદારી રાખવાની હોય છે.જેથી તેમણે તેમની ચર્ચની પ્રવૃત્તિઓ,સેમીનારો,તાલિમ શિબિરો કે અન્ય પ્રોગ્રામો ખાસ સુઝબુઝથી કરવાના હોય છે તેથી અન્યોની લાગણીને ઠેસ લાગે નહી.મુસ્લીમ દેશોમાં વસ્તા ખિસ્તી લોકોને ધાર્મિક સ્વાતંત્રતાનો લાભ મળતો નથી.તેથી આ માટે ખાસ મુસ્લીમો માટે પ્રાર્થના કરવી ઘટે છે.જે દેશો માટે ઓપનડોર તરફથી ખાસ પ્રાર્થના કરવા માટે કહેવાયું છે તે દેશો વોચલીસ્ટ-૨૦૧૨માં દર્શાવાયા છે.અફઘાનીસ્તાન,સાઉદી અરેબીયા,સોમાલીયા, ઈરાન,માલદીવ, ઉઝબેકીસ્તાન, યમન,ઈરાક,પાકિસ્તાન,અને નોર્થ કોરીયાનો એમાં સમાવેશ થાય છે.

અનું. પાન નં. ૪ નું ચાલુ

હતો.અને તેમને સારુ શિક્ષણ આપવામાં બિલકુલ બેદરકારી દાખવી નહોતી. બસ એટલું ".હવે આજની સરકારી શાળાના અનુભવની મારી નાનકડી વાત કરુ.હું અને મારી સાથે કામ કરતાં એક બહેન એક સરકારી શાળામાં બાળકોની સાથે કોમી એકતાના વિષય પર ચિત્ર સ્પર્ધાના આયોજન માટે આચાર્યની ઓફીસમાં બેઠા હતા અને ચર્ચા કરતા હતા.રીસેશનો સમય પુરો થયે અડધો કલાકથી ઉપરનો સમય થઈ ગયો હતો એવામાં એક છોકરાઓ દોડતા દોડતા આવીને આચાર્યા બેનને કહ્યું "બેન, બેન...પેણ આગળ આપણી નેહાળના ચાલી પચા છોકરા લંગસ્યા લડાવ છે,ન મારામમારી આયા છે "ત્યારે બેને આદેશાત્મક જવાબ આપ્યો કે " જા હેંડ,છાનો માનો જઈને વર્ગમાં બેસ. એ નઈડાઓતો રખડી જ ખાવાના છે.એમની માયોને નહી પડી, ન તાર શું હાડાબારી? "આટલી વાત પછી બેને અમારી સાથે વાત કરતાં કહ્યું કે " આ છોકરાઓ નર્યો માથાનો દુખાવો છે,અને મારા તો શિક્ષકોય એવા માથે પડેલા મલ્યા છે.ને તે વર્ગમાં બેસીને વાતો જ કરી ખાય છે.હવે હું જો બોલું છું ને, તો મને આયોજનમાં કાર્યક્રમોમાં સહકાર નથી આપતા, એટલે મે તો બોલવાનું જ બંધ કરી દીધું છે. "આ તો માત્ર એક વાત છે પણ મે મારી નજરે એવા કેટલાય શિક્ષકો-શિક્ષિકાઓ વિદ્યાર્થીઓ પાસે ભણવાના/ભણાવવાના સમય દરમિયાન ઘરનું શાકભાજી કે અનાજ સાફ કરાવતા જોયા છે. અને ઠાસરા તાલુકાના એક ગામની શાળામાં તો ચાલુ શાળાએ શિક્ષિકાબેન આરામથી નસકોરા બોલાવતા ઉંઘી ગયેલા જોયા છે.

ઉપરની બંન્ને વાતોને જોતાં આદર્શ શિક્ષક કોને કહી શકાય તે આપોઆપ સમજાઈ જાય છે.પણ અહીંયા વાત કરવી છે શિક્ષકની બાળકોના ભવિષ્યના ઘડતરની અસાધારણ જવાબદારી વિશે.ઉપરની બંન્ને વાતો પરથી એટલું તો સ્પષ્ટ સમજી શકાય છે કે શિક્ષકોમાં કેટલી અસાધારણ શક્તિઓ રહેલી છે.(ભવિષ્ય સુધારવાની અને ભવિષ્યને રામભરોસે છોડી દેવાની)કિન્તુ, જ્યારે જ્યારે સરકારી શાળાઓની મુલાકાતની તક મળે છે ત્યારે શિક્ષકો પોતાની અસાધારણ શક્તિનો ઉપયોગ નહી કરીને(ગપ્પા મારીને,મોબાઈલ પર વાતો કરીને કે વર્ગમાં ઉંઘી રહીને) હજારો બાળકોના ભવિષ્યનો અંધકારમય બનાવવાનું પોતાનું યોગદાન આપી રહેલો જોવા મળે છે.અને વિદ્યાર્થીઓના ભવિષ્યની કલ્પનાથી ચિંતિત બની જવાય છે.આજના આધુનિક યુગમાં મોટી મોટી ડીગ્રીઓ લીધેલા લોકો બેકાર ફરી રહ્યા છે.ત્યારે સરકારી શાળાઓમાં ભણતા એવા વિદ્યાર્થીઓ કે જેમને છઠ્ઠા કે સાતમાં ધોરણમાં આવ્યા છતાં હજુ એકડા બોલતા કે સામાન્ય લખતાં વાંચતા નથી આવડતું તેમાં વિદ્યાર્થીઓનું શું થશે ?બેરોજગારી અને બેકારીના કારણે યુવાનો ચોરી, લુંટફાટ અને બીજા ગેરકાયદે ધંધાઓમાં જોડાઈ ગયાના કિસ્સાઓ રોજ બરોજ સામે આવી રહ્યા છે.ત્યારે જેઓને પાયાનું શિક્ષણ પણ નથી મળ્યું એવા ભાવિ યુવાનોને કોણ નોકરી આપશે. અને બેરોજગારીને અને યોગ્ય સંસ્કાર નહી મળવાના કારણે એ બાળકો ભવિષ્યમાં ખતરનાક ગુંડાઓ કે અસામાજીક તત્વો ના બને તો જ નવાઈ. જો આવી ભયંકર અને અંધાધુંધી ભર્યા ભવિષ્યને દુર કરવું હશે અને ભારતના ભવિષ્યને સુખમય બનાવવું કે જોવું હશે તો આજથી જ દરેક શિક્ષકે પોતાની અસાધારણ ક્ષમતાનો ઉપયોગ મજબુત રાષ્ટ્રના પાયા સમાન વિદ્યાર્થીઓના સર્વાંગી ઘડતરથી જ શકય બનાવી શકાશે.દરેક શિક્ષક શિક્ષિકાઓએ પહેલા પ્રસંગમાં બતાવેલ શિક્ષિકાબેન જેવા બનવાનો સંકલ્પ કરી તેનો ઈમાનદારીથી અમલ કરવો પડશે.અને બીજું કશું નહી પણ, જે કામનો પગાર લઈ રહ્યા છે(૩૦થી ૩૫ હજાર દર મહિને)તે કામને નિષ્ઠાપુર્વક બજાવવાનો પ્રયત્ન તો કરીજ શકાય.

-મિતેષકુમાર આઈ મહીડા.

# નારી ગૌરવ, ગુજરાતનું ગૌરવ

## સ્વસ્થ મહિલા,સુવિકસિત ગુજરાત -

૪૪ લાખ જેટલી ગરીબ સગર્ભા માતાઓ, ૬ વર્ષ સુધીના ભુલકાંઓ અને કિશોરીઓને પોષણયુક્ત આહાર દ્વારા કુપોષણની પીડામાંથી મુક્તિ.
૪.૮૦ લાખ કિશોરીઓની આર્થિક સ્થિતિ સુધારવા માટે કિશોરી શક્તિ યોજના

## કુપોષણ સામે જંગ :

''બાલભોગ યોજના ''હેઠળ રેડી ટુ ઇટ પુરક પોષણ ફુડની શરુઆત : ૪૪ લાખ લાભાર્થી : રુ.૪૦૦ કરોડનો ખર્ચ

આપણા ભુલકાંઓ માટે,૧૨,૦૪૫ નંદઘર બનાવવા માટે રુ ૪૧૧ કરોડની જોગવાઇ

## હવે, ન કોઇ બહેન રહેશે આશ્રિત,બને તમામ બહેનો શિક્ષિત

શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી અભિયાનના પરિણામે છેલ્લા દસકામાં સ્ત્રી સાક્ષરતા દર ૫૭ ટકા વધીને ૭૧ટકા થયો
વ્યવસ્યાયિક કોશલ્ય નિર્માણ : મહિલાઓ માટે ૩૫ આઇ ટી આઇ કાર્યરત

## ગુજરાતની નારી આર્થિક સ્વાવલંબનની દિશામાં અગ્રેસર

ગરીબ કલ્યાણ મેળાઓમાં વચેટીયા નાબુદ કરી ૩૦ લાખ મહિલાઓને વિવિધ યોજનાઓ અતગર્ત હાથોહાથ સહાય

જીઆઇડીસી દ્વારા સાણંદ ખાતે મહિલાઓ માટે ઔદ્યોગિક પ્રવૃત્તિઓ શરુ કરવા ૯૦,૦૦૦ ચો.મી.મહિલા સાહસિકતા સેઝ

## સુરક્ષિત અને સલામત મહિલા,બની છે ગુજરાતની ઓળખ

મહિલાઓ મિલકતની માલિક : મહિલાઓના નામે નોધાયેલ ૧૨.૫ લાખથી વધારે દસ્તાવેજોની રુ ૪૪૨ કરોડની નોંધણી ફી માફ

છેલ્લા ૬ વર્ષમાં ગરીબ મહિલાઓને તેમના નામે ૧૩.૮૦ લાખ મકાનો આપ્યા

આંગણવાડી અને તેડાગર કાર્યકર બહેનોને માતા યશોદાનો સામાજિક ગૌરવનો દરજ્જો :રુ.૩.૮૧ કરોડના પુરસ્કારથી ૨૨૫૪ બહેનો સન્માનિત

## ગુજરાતની પ્રત્યેક મહિલાનું ગૌરવ : નારી ગૌરવ શક્તિ

સમગ્ર રાષ્ટ્રમાં સૌ પ્રથમ વખત નારી ગૌરવ નીતિનો ગુજરાતમાં અમલ

નિર્ણયની પ્રક્રિયામાં મહિલાઓની ભાગીદારી : ૧૫ મહિલા ધારાસભ્યો સહિત ૩૩ ટકા મહિલા પદાધિકારીઓની વહિવટમાં તમામ ક્ષેત્રે સક્રિય ભાગીદારી

છેલ્લા પાંચ વર્ષમાં ૨૧ મહિલા ડી.વાય.એસ.પી. અને પોલીસ દળમાં ૧૦૦૦ મહિલાની ભરતી : વધુ ૮૦૦ની થનારી ભરતી.

## રાજકીય સશક્તિકરણ

રાષ્ટ્રમાં સૌ પ્રથમવાર બનેલી ૨૫૧ મહિલા સમરસ ગ્રામપંચાયતોને પ્રોત્સાહન માટે રુ ૭.૫૦ કરોડનુ અનુદાન

સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીઓમાં મહિલાઓ માટે ૩૩ ટકા બેઠકો અનામત : મહિલાઓનું પ્રતિનિધિત્વ વધારીને ૫૦ ટકા કરવા માટે વિધેયક પસાર

અને ઘણું બધુ
મહિલા -બાળ સશક્તિકરણ મટે

## સૌનો સાથ..........સૌનો વિકાસ



## સપના કરે સાકાર, આપણી આ સરકાર

શ્રીમતી આનંદીબેન પટેલ,
મંત્રીશ્રી,મહેસુલ,આપત્તિ વ્યવસ્થાપન,માર્ગ અને મકાન,
પાટનગર યોજના,મહિલા અને બાળ કલ્યાણ

શ્રીમતી વસુબેન ત્રિવેદી,
રાજ્યકક્ષાના મંત્રીશ્રી,
ઉચ્ચ એ ટેકનીકલ શિક્ષણ,
મહિલા અને બાળ-કલ્યાણ

# ચાઇનાના બિશપ થાડીયસ મા ડેક્વીન લાપત્તા થયા

નવા વરાયેલ ચાઈનીઝ બિશપ મા ૧૩ મી જુલાઈ બાદ લાપત્તા થઈ ગયા છે.તેમના અંગેના કોઈ સમાચારો જાણવા મળેલ નથી.ચાઈનીઝ બિશપ તરીકે તેમને પોતાની જવાબદારી સંભાળી ત્યારે તેમણે કરેલા પ્રવચનમાં જણાવ્યું હતું કે તેઓ નવી જવાબદારી સ્વીકારવાની સાથે કેથોલીક પેટ્રીઓટીક એસોસીએશનના હોદ્દા પરથી સ્વેચ્છાએ હટી જાય છે.શાંગાઈ ઓક્ઝીલરીના બિશપ તરીકે જવાબદારી સંભાળતા તેમણે હાજર રહેલા સમક્ષ આ કહ્યું હતું.આ સમયે હું યાદ કરુ છું કે મને હોલી ચર્ચની જવાબદારી અદા કરતાં અને આસી.બિશપ શાંગાઇ તરીકે મારુ શરીર અને મારુ મન બેઉ મારી જવાબદારી અને નિષ્ઠા પ્રત્યે જાગૃત હોય.તેવું તેમણે જાહેરમાં પ્રવચન આપતાં કહ્યું હતું.તેથી બે પ્રકારની જવાબદારી હું સ્વીકારી શકું નહિ.તેથી હું પેટ્રીઓટીક એસોસીએશનની જવાબદારીમાંથી મુક્ત થાઉં છું.૪૪ વર્ષના બિશપ દ્વારા કરાયેલ જાહેરાતને હાજર રહેલા હજારો લોકોએ વધાવી લીધી હતી.શાંગાઈ કેથેડ્રલ સેંટ ઈગ્નાસ ખાતે પ્રાર્થનાસભામાં તેઓ હાજર હતા જે ચીનું સૌથી મોટુ સંપત્તિવાન અને સ્વતંત્ર ડાયોસીસ છે.



જાણકારોના મતે કેથોલીકોના ધર્મગુરુઓ અને કેટલાંક ખ્રિસ્તીઓ પર બેઇજીંગ વર્ષોથી આધિપત્ય ધરાવે છે તેમના માટે આ એક જાહેર પડકાર હતો.કેથોલીક પેટ્રીઓટીક એસોસીએશન,ચાઈનીઝ સરકાર દ્વારા માન્ય સંસ્થા છે પરંતુ વેટીકને તેને માન્યતા આપી નથી.કેટલાંક સરકારી અધિકારીઓ આ સભામાં ઉપસ્થિત હતા જ્યારે બિશપ માએ પોતાનું પ્રવચન આપ્યું હતું.આ પ્રસંગ પત્યા બાદ મા ગુમ થઈ ગયા હતા.કોઈપણ વ્યક્તિ મા નો સંપર્ક કરી શકી નથી.એવું માનવામાં આવે છે કે મા શેશાન સેંન્ચુરી ,શાંગાઈ ખાતે પુરી રાખવામાં આવ્યા હોઈ શકે.અને તેથી તેઓ બહારની દુનિયાના સંપર્કમાં નથી.વેટીકન દ્વારા જણાવાયું હતું કે તેઓનો સીધો કોઈ સંપર્ક થઈ શક્યો નથી તેમજ તેમના અંગેની કોઈ જાણકારી તેમની પાસે નથી.

વેટીકન પ્રવક્તા ફેડરીકો લોમ્બારડીએ જણાવ્યું હતું કે મા નો બિશપ તરીકેની વિધિ આનંદાયક અને સંતોષકારક રહી હતી.વેટીકને ત્યારબાદ બનેલી ઘટનાઓને કમનસીબ માની હતી.પોપે બેઇજીંગમાં મા ની બિશપ તરીકેની પસંદગી જાહેર કરી હતી.અને તેમને રોજ બરોજનો વહીવટ,અને શાંગાઇ ડાયોસીસનો ચાર્જ સુપ્રત કર્યો હતો.મા એ તેમના પહેલાના બિશપ તરીકે ૯૬ વર્ષના બિશપ જીન લુક્ષીન પાસેથી ચાર્જ લીધો હતો.જો કે ચર્ચના જાણકારોના કહેવા મુજબ આ એક નિયમિત પ્રક્રિયા છે.અને તાજેતરના વર્ષોમાં આ પ્રમાણે જ સ્વતંત્ર રીતે જવાબદારી સોપવામાં આવે છે.ગત સપ્તાહમાં આજ રીતે નોર્થઈસ્ટન સીટી ઓફ હારબીનમાં નવા બિશપની નિમણુંક કરવામાં આવી હતી.અને તેની જાણકારી વેટીકનને આપવામાં આવી હતી.ચીનમાં ૧૨ મીલીયન કેથોલીક સંપ્રદાયના લોકો વસે છે.પરંતુ તેમના અડધા જેટલા લોકો ખાનગીમાં આ ધર્મ પાળે છે.પરંતુ સરકારી આંકડાઓ મુજબ ચીનમાં ૧૩૦ મીલીયન ખ્રિસ્તી લોકોની વસ્તી છે જેમાં ઈવેન્જલીકલીસ્ટનો પણ સમાવેશ થાય છે.તે પૈકીના ઘણા બધા લોકો ખાનગીમાં હાઉસ ચર્ચોના સભ્યો છે.


## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬


# જ્યાં શાંતિનો દુત જન્મ્યો હતો તેવી પેલેસ્ટાઇની ભુમીના વતનીઓ પ્રત્યે સહાનુભુતિ દર્શાવો

સાઉથ ઈન્ડીયા ચર્ચના બિશપ ડો.રેવ દેવસહાયમે પેલેસ્ટાઇનના લોકો પ્રત્યે સહાનુભુતિ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ભારતીય ખ્રિસ્તીઓએ તેમની લડતને ટેકો આપવો જોઈએ.જ્યાં આપણો શાંતિનો રાજકુમાર જન્મ્યો હતો તે અત્યારે ઘર્ષણની ભુમિ છે.શાંતિનો રાજકુમાર આપણને પેલેસ્ટાઇનની ભુમિ જે ઐતિહાસિક ભુમિ છે ત્યાં શાંતિ સ્થપાય તેવું ઈચ્છે છે.આપણે તેમાં સહભાગી બનીએ.તેઓ ચેન્નાઈ ખાતે એક થીયોલોજીકલ કન્સલ્ટેશનમાં બોલી રહ્યા હતા ત્યારે જણાવ્યું હતું.તેઓ એક જાણીતા દલિત થીયોલોજીન છે.તેમણે ફરીથી ઝાયોનીસ્ટીક બાયબલને વાંચવા અને સમજવા આગ્રહ કર્યો હતો.



વર્લ્ડ વીક ફોર પીસ ઈન પેલેસ્ટાઈન ઈઝરાયેલ,૨૪ દેશોના ચર્ચોએ ઝડપથી ત્યાં શાંતિ સ્થપાય અને સહકાર કેળવાય માટે અપીલ કરી હતી.બેઉ બાજુના લોકોના અધિકારો મળે અને ગેરકાયદેસર રીતે કબજો કરાયેલ વિસ્તાર ખાલી કરાવાય.૬૩ વર્ષો પેલેસ્ટાઇના ભાગલાને વીતી ચુક્યા છે. કેટલીય સંસ્થાઓ ૧૯૪૮થી શાંતિ માટે પ્રયત્ન કરી રહી છે.

# ભવિષ્યના અસાધારણ ઘડવૈયા જોગ

ગુરુ પુર્ણિમા કે સપ્ટેમ્બર મહિનામાં ઊજવાતા શિક્ષકદિનની ઊજવણી પ્રસંગોએ એક વાક્ય અવશ્ય સાંભળવા મળે છે. કે “શિક્ષક કભી સાધારણ નહી હોતા”.ગુજરાતની શાળાઓમાં પ્રવેશઉત્સવ ઉજવાઇ ગયો. આ પ્રસંગે શિક્ષકોની અસાધારણ શક્તિ વિશે વાત કરવા માટે દિવ્યભાસ્કરની કળશ પુર્તિમાં શ્રી નવીન મકવાણા દ્વારા લખાયેલી સોશયલ નેટવર્કિંગ કોલમમાં લખાયેલી વાત રજુ કરુ છું.

વર્ષો પહેલાં જ્હોન હોપકિન્સ યુનીવરસીટીના એક પ્રોફેસરે વિદ્યાર્થીઓને એક એસાન્મેન્ટ આપેલુ. વિષય હતો : મુંબઈ નગરની ઝુંપડપટ્ટીમાં રહેતા ૧૨ થી ૧૬ વર્ષની વચ્ચેના છોકરાઓનો અભ્યાસ કરવો અને એ લોકો શું બની શકશે કે શું કરશે એની જાણકારી મેળવવી.વિદ્યાર્થીઓએ ઝુંપડપટ્ટીના ૨૦૦ બાળકોના ઘરની પૃષ્ઠભુમિકા,માંબાપની પરિસ્થિતિ, એ લોકોનું શૈક્ષણિક સ્તર,દારુ તેમજ નશીલી દવાઓની બદી જેવા ઘણા બધા પાસાઓની જાણકારી મેળવી.એ સાથે સાથે એ છોકરાઓના વિચાર પણ ઉંડાણથી જાણવાનો પ્રયત્ન કર્યો. થોડા સમય પછી અભ્યાસ પુરો થયો અને એવું તારણ સામે આવ્યું કે પેલા છોકરાઓમાંથી ૯૫ ટકા બાળકો ગુનાહી પ્રવૃત્તિમાં સામેલ થઈ જશે અને ૯૦ ટકા જેટલા બાળકો મોટા થઈને ઘણો ખરો સમય જેલમાં વિતાવશે. માંડ પાંચ જ ટકા બાળકો સારુ જીવન જીવી શકશે.

બસ એ સમય પછી એ વાત ભુલાઈ ગઈ. એના ૨૫ વર્ષ પછી બીજા એક પ્રોફેસરે જુના અભ્યાસનું તારણ કેટલું સાચું પડ્યું છે તે જાણવાનું કામ બીજા ગ્રુપને સોપ્યું.એ બધા પાછા એજ વિસ્તારમાં ગયા. પેલા ૨૦૦ છોકરામાંથી થોડા મૃત્યુ પામ્યા હતા.પણ તેમ છતા તેઓ ૧૮૦ જેટલા છોકરાઓને મળી શકયા.અભ્યાસુઓએ જ્યારે છોકરાઓના એ સમયની જીંદગીની નોંધ કરી તો અગાઉના તારણથી સાવ વિપરિત ફક્ત ચાર જ જણા બહુ થોડા સમય માટે જેલમાં ગયા હતા. એ પણ સામાન્ય ગુના માટે જ. પ્રોફેસર અને તેમની ટીમને ખુબજ નવાઈ લાગી કે આવા ગુનાઓના ઘર સમાન આ વાતાવરણમાં આવું બને જ કઇ રીતે ? જે વાતાવરણમાં માત્ર ગુનેગારો જ પેદા થઈ શકે, ત્યાં આટલા બધા છોકરાઓ ઉત્તમ જીંદગી-મહેનતની અને ઈમાનદારીભરી જીંદગી પસંદ કરે એવું કેવી રીતે બને ?

આ સવાલનો જવાબ એમણે એ મોટા થઇ ગયેલા છોકરાઓ પાસેથી મેળવ્યો ત્યારે બધાએ એક જ જવાબ આપ્યો કે “ કદાચ અમે પણ આડા રસ્તે ચડી જાત પણ અમારા એક શિક્ષિકાબેન હતા, એમણે અમને સાચો રસ્તો બતાવ્યો ને અમારી કાળજી લીધી હતા. જો તેઓ ના હોત તો અમે ચોક્કસ મોટા ગુનેગાર બની ગયા હોત “આ શિક્ષિકાની વાતમાં પ્રોફેસરની ટીમને રસ પડ્યો,અને તેમણે તે શિક્ષિકાબેનને શોધી કાઢ્યા અને બધી વાત કરીને પુછ્યું કે “ આ બધા છોકરાઓ પર તમે એવો તે કેવો ચમત્કાર કર્યો કે દરેક છોકરો સારો માણસ બની શક્યો “

શિક્ષિકાએ સરળતાથી જવાબ આપ્યો “ચમત્કાર ? અરે, મને થોડો ચમત્કાર આવડે છે ? મે તો તેમને બધાને મારા સંતાનોની જેમ પ્રેમ કર્યો

અનું. પાન નં. ૨ ઉપર


## લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસ્રાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી,
મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯ મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૨૩૨૩૯૬

## શાલેમ મેરેજ બ્યુરો

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-**

**શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેયો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૯૮૫. ૯૫૭૪૩૭૦૪૩૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.